# કૃષિ મહાવિદ્યાલય (હોસ્ટેલ)
## જુનાગઢ કૃષિ યુનિવર્સિટી
## જુનાગઢ

રેકટર Phone: 79840 27327 Email: pjgohil@jau.in


જા.નં.જુકૃયુ/કૃમવી/હોસ્ટેલ/ ૧૩૦-૩૪ /૨૦૨૫ તા.૧૦/૦૩/૨૦૨૫

## -: જાહેરાત :-

જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ ખાતે આવેલ કૃષિ મહાવિદ્યાલયના નિયંત્રણમાં રહેલ બ્લોક નં.૦૩ વિવેક હોસ્ટેલ ખાતે "હોસ્ટેલ કેન્ટીન" આવેલી છે. આ કેન્ટીન તા.૦૧/૦૪/૨૦૨૫ થી લીવ એન્ડ લાયસન્સ પર કરાર આધારિત વધુમાં વધુ ૧૧ માસ માટે ભાડેથી ચલાવવા માટે આપવાની છે. કેન્ટીન ચલાવવા માટે રસ ધરાવતી પાર્ટીઓ/ઇસમોએ માસિક ભાડાના દરે ભાવ નીચેના સરનામે મોકલી આપવાના રહેશે. કેન્ટીન ચલાવવાના માસિક ભાડાના ભાવ તેમજ આ સાથે સામેલ કેન્ટીન ચલાવવા માટેની શરતો માં સહી કરી સીલ બંધ કવરમાં પોસ્ટ/કુરિયર થી રેક્ટરશ્રી, કૃષિ મહાવિદ્યાલય, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ પીન-૩૬૨૦૦૧ ને તા.૨૧/૦૩/૨૦૨૫ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે. કવર ઉપર "હોસ્ટેલ કેન્ટીન ચલાવવાના ભાવ" એમ સ્પષ્ટ લખવાનું રહેશે. તથા ભાવ સાથે ડિપોઝીટના રૂ.૫,૦૦૦/- રોકડા મદદનીશ વહીવટી અધિકારીશ્રી, કૃષિ મહાવિદ્યાલય, જુ.કૃ.યુ., જુનાગઢની કચેરીમાં ભરેલ રસીદ અથવા JAU FUND A/C ના નામનો રૂ.૫,૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ ભાવ પત્રક સાથે જોડવાનો રહેશે. સમય મર્યાદા બહારના કે અધુરાશવાળા તથા ડીપોઝીટ ભર્યા વગરના ભાવ પત્રકો રદબાતલ ગણવામાં આવશે. આવેલ ભાવ પત્રક માન્ય રાખવા કે રદ કરવાની સત્તા કેન્ટીન કમિટીને અબાધિત રહેશે.

રેક્ટર
કૃષિ મહાવિદ્યાલય (હોસ્ટેલ)
જુ.કૃ.યુ., જુનાગઢ

નકલ સવિનય રવાના :-

૧) આચાર્ય અને ડીનશ્રી, કૃષિ મહાવિદ્યાલય, જુનાગઢ......(જાણ તેમજ બહોળી પ્રસિદ્ધિ અર્થે કૃષિ મહાવિદ્યાલય હસ્તકના વિભાગો ખાતે નોટીસ બોર્ડ ઉપર મુકવા સારું)

૨) કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, જુનાગઢ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવા સારું

૩) કાર્યપાલક ઇજનેરશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ

૪) મદદનીશ વહીવટી અધિકારીશ્રી, કૃષિ મહાવિદ્યાલય, જુનાગઢ (જાણ તેમજ ડીપોઝીટ જમા લઇ પહોંચ આપવા સારું.)

૫) નિયામકશ્રી, આઈ.ટી. સેલ, જુ.કૃ.યુ., જુનાગઢ ( બહોળી પ્રસિદ્ધિ અર્થે પરિપત્ર કરવા સારું)

### —: હોસ્ટેલ ખાતે આવેલ કેન્ટીન ચલાવવા માટેની શરતો :—

૧). પાર્ટીએ યુનિવર્સિટી સાથે તેમના ખર્ચે ૧૧ માસ માટે લીવ એન્ડ લાઈસન્સના કરારો રૂા.૩૦૦/—ના સ્ટેમ્પ પેપર ઉપર યુનિવર્સિટીની શરતો મુજબ દિવસ—૧૦ માં કરી આપવાનાં રહેશે.

૨). ઉપાહાર ગૃહ ચલાવવા અંગેનું લાઈસન્સ ૦૧ મહીનાની અંદર સક્ષમ અધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે.

૩). કેન્ટીન ચલાવવા અંગેનો સઘળો ખર્ચ કેન્ટીન ભાડે રાખનારે ભોગવવાનો રહેશે તથા તે અંગેનાં ફર્નિચર વાસણો તથા અન્ય ચીજવસ્તુ પોતાના લાવવાનાં રહેશે.

૪). તાજા ફરસાણ, બેકરી બિસ્કિટ, કન્ફેશનરી વસ્તુઓ, મીઠાઈ, શરબત, ચા, કોફી વગેરે સારી અને ભેળસેળ વગરની, નિયમીત અને પુરતા પ્રમાણમાં પુરી પાડવાની રહેશે.

૫). ભાવપત્રક ગ્રાહકો વાંચી શકે તે રીતે રાખવાનું રહેશે. કેન્ટીનમાથી વેચવામા આવતી ચીજ વસ્તુઓનુ ભાવ પત્રક રેકટરશ્રી, કૃષિ મહાવિર્ધાલયને આપવાનુ રહેશે. તેમજ કોઈપણ વસ્તુનો ભાવ વધારો કરતા પહેલા જાણ કરવાની રહેશે.

૬). ઈજારદારે કેન્ટીન અંગેની મિલકત તેમજ વાપરવાના વાસણો સ્વચ્છ અને સુઘડ રાખવાનાં રહેશે. રોકવામાં આવેલ નોકરો પણ સ્વચ્છ, સુઘડ અને ચેપીરોગ મુકત હોવા જોઈએ તેમજ કેન્ટીન કમિટીને અયોગ્ય લાગે તેવા નોકરોને તુરત જ છુટ્ટા કરવાનાં રહેશે.

૭). ઈજારા ફી થી જે મિલકત સોંપવામાં આવે તેના બાંધકામ વગેરેમાં કોઈપણ જાતનો ફેરફાર યુનિવર્સિટીની મંજુરી વગર કરી શકાશે નહી.

૮). સરકારશ્રી તરફથી જે ચીજવસ્તુઓ ઉપર કે કેફી પદાર્થો ઉપર પ્રતિબંધ મૂકેલ હોય તે ચીજવસ્તુનું તેમજ પાન, માવા, તમાકુ, સીગારેટ,ગુટકા વગેરે જેવી નશાયુકત વસ્તુઓનુ વેચાણ કરી શકાશે નહી.

૯). જે ભાડા દરથી કેન્ટીનનો ઈજારો રાખેલ હોય તે ભાડા દર માસની એક થી પાંચ તારીખે રોકડેથી ભરપાઈ કરી પાવતી મેળવી લેવાની રહેશે. સમયસર ભાડાની રકમ ભરવામાં નહી આવેતો લેણી રકમ ઉપર ૧૫% વ્યાજ આપવાનું રહેશે.

૧૦). વીજળી વપરાશનું બીલ વિદ્યુત બોર્ડને ભરી બિલ તથા પહોંચની ઝેરોક્ષ નકલ અત્રેની કચેરીમાં તુરત જ રજૂ કરી દેવાની રહેશે.

૧૧). પાણીનો પુરવઠો યુનિવર્સિટી તરફથી વિના મૂલ્યે પુરો પાડવામાં આવશે.

૧૨). ઈજારાની મુદત ૧૧ (અગિયાર) માસની રહેશે. ઈજારા કરારની શરતો મુજબ જે ઈજારદાર નહી વર્તે તેનો ઈજારો ગમે ત્યારે એક માસની નોટિસથી કેન્ટીન કમિટી રદ કરી શકશે અને ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે કેન્ટીન કમિટીને જો કેન્ટીન સેવા સંતોષકારક જણાશે તો માંગણીથી વધુ સમય માટે કેન્ટીન ચલાવવા દેવાનો હકક કેન્ટીન કમિટીને રહેશે.

૧૩). કુદરતી અકસ્માત, હુલ્લડ, તોફાન કે અન્ય રીતે કેન્ટીનનાં માલ—સામાનને નુકશાન થાય તો તેની જવાબદારી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની રહેશે નહી.

૧૪). સોંપવામાં આવેલ યુનિવર્સિટી મિલકતને કોઈપણ જાતની ભાંગફોડ અગર બીજી રીતે નુકશાન થાય તો તેની જવાબદારી કેન્ટીન ભાડે રાખનારની રહેશે અને તે અંગેનો સઘળો ખર્ચ ઈજારદાર પાસેથી યુનિવર્સિટી નકકી કરે તે મુજબ વસુલ કરવામાં આવશે.

૧૫). કરાર અંગે કોઈપણ જાતનો મતભેદ ઉભો થશે તો કેન્ટીન કમિટીનો નિર્ણય આખરી ગણાશે અને ઈજારદારને બંધનકર્તા રહેશે.

૧૬). ટેન્ડર સાથે ભરેલ ડિપોઝીટની રકમ રૂા.૫,૦૦૦/– જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ફંડમાં જમા કરાવેલ છે તે રકમ કોન્ટ્રાકટ પુરો ન થાય ત્યાં સુધી યુનિવર્સિટી પાસે રહેશે અને કોન્ટ્રાકટ પુરો થયેથી વગર વ્યાજે પરત કરવામાં આવશે અને આ ડિપોઝીટ પરત મેળવવા માટે અસલ પહોંચ તથા કાર્યપાલક ઈજનેરશ્રી અને હિસાબી અધિકારીશ્રી(કેશ)ની કચેરી પાસેથી "ના વાંધા પ્રમાણપત્ર" મેળવીને અરજી કરવાની રહેશે.

૧૭). ઈજારા કરારની મુદત વીત્યા પછી જે તે મિલકત ઉપર ઈજારદારનો કોઈ પણ જાતનો હકક દાવો રહેશે નહી અને નકકી કરેલ મુદતની અંદર મિલકતનો કબજો અસલ સ્થિતિમાં સોંપી આપવાનો રહેશે. થયેલ નુકશાનની રકમ કેન્ટીન કમિટી નકિક કરે તે મુજબ ભરવાનું રહેશે.

૧૮). કેન્ટીનમાં રેડીયો, ગ્રામોફોન, ટેપ, ટી.વી., વગેરે વાપરવાની છુટ રહેશે. આસપાસનાં વિસ્તારમાં ખલેલ ન પહોંચે તે રીતે જ આવા મનોરંજનનાં સાધનો વાપરવાની છુટ રહેશે. જે અંગેની ફરીયાદ મળતા આવી છુટછાટ કેન્ટીન કમિટી નકિક કરે તે મુજબ રદ ગણાશે.

૧૯). ઈજારદાર, ઈજારાના કરારનાં વર્ષ દરમ્યાન અન્ય કોઈપણ શખ્શને પેટા ઈજારો આપી શકશે નહી. આ કલમનો ભંગ થયે મિલકતનો કબજો પરત લેવાની સત્તા કેન્ટીન કમિટીને રહેશે.

૨૦). જે હેતુ માટે મિલકત ફાળવવામાં આવે તે સિવાયના હેતુ મિલકતનો ઉપયોગ કરી શકાશે નહી.

૨૧). સરકારશ્રી ધ્વારા વખતોવખત બહાર પાડવામા આવતી ગાઈડલાઈન્સનુ પાલન કરવાનુ રહેશે.

—: બાહેંધરી :—

ઉપર જણાવેલ ક્રમ નં ૦૧ થી ૨૧ હોસ્ટેલ ખાતે આવેલ કેન્ટીન ચલાવવા માટેની શરતો મે વાંચી છે, અને જણાવેલ તમામ શરતો અન્વયે મારી સહમતી છે.

સ્થળ:— નામ:—

તારીખ:— સહી:—

મો.નં.:—